આજીવિક ધર્મ
પુનઃ ઉત્થારક®

ॐकार संप्रदाय
(धार्मिक आध्यात्मिक पथ)

# ૐકાર સંપ્રદાય

## ધાર્મિક – આધ્યાત્મિક પથ

RNI No.: GUJGUJ/2015/65690
વર્ષઃ ૧૨ |અંકઃ ૨| ઓગષ્ટ - ૨૦૨૬
કિંમતઃ ૧૦/-





પ.પૂ.સંતશ્રી સદ્ગુરુ ૐઋષિ સ્વામીની પાવન નિશ્રામાં

# કાળીચૌદશની મહારક્ષા મહાસાધના અને ૐ શ્રી ધનલક્ષ્મીકુબેર મહાસાધના

કાળીચૌદશનો દિવસ એટલે આધ્યાત્મિક શક્તિ પ્રગટાવવાનો દિવસ તેમજ સ્વયંની અને પરિવારજનોની રક્ષા આખા વર્ષ દરમ્યાન થાય એની રક્ષા કરવાનો દિવસ. આપ ભક્તજનોએ કાળીચૌદશની સાધનામાં જોડાવા માટે આપેલા **મોબાઈલ નંબર: 9429208997** ઉપર સત્વરે આપના ને આપના પરીવારજનોના નામ લખાવી દેવા.

**શુભ તારીખ**

**૦૭ - ૧૧ - ૨૦૨૬**
**શનિવાર**

**શુભ સમય**

**સાંજે ૪ થી ૬ કલાકે**

**શુભ સ્થળ**

## અન્નપૂર્ણા હોલ,

આંગીફલેટની સામે, ન્યુ વિકાસ ગૃહ રોડ, પાલડી, અમદાવાદ

**ખાસ નોંધ:**

1. કાળીચૌદશની સાધનામાં પુરુષોએ સફેદ ઝભ્ભો લેંઘો અને બહેનોએ લીલા વસ્ત્રો ધારણ કરવા.
2. મહાપ્રસાદની વ્યવસ્થા રાખવામાં આવેલ છે.

**સંપર્ક સૂત્ર: 9429208997**



|| ૐ નમઃ ||

ॐकार संप्रदाय
(धार्मिक आध्यात्मिक पथ)

**ૐકાર સંપ્રદાય**

માસિક મેગેઝીન (પત્રિકા)

**સ્થાપક**

ૐકાર સંપ્રદાયના આર્ષદૃષ્ટા અને સ્થાપક
જગતગુરુ મંત્રયુગપરિવર્તક ૐકાર મહામંડલેશ્વર ૧૦૦૮
પ.પૂ. સંતશ્રી સદ્ગુરુ ૐઋષિ સ્વામી

**તંત્રી**
કિંજલભાઈ શાહ

**સહતંત્રી**
મિહિરભાઈ શાહ

**સંપર્કસૂત્ર**

ૐકાર સંપ્રદાય શક્તિપીઠ આશ્રમ
સેવા સમર્પણ ફાઉન્ડેશન
Trust Reg. No.: E/18590/Ahmedabad
Under 80-G Tax Free (5313/09-10)

ૐકાર ફાઉન્ડેશન ટ્રસ્ટ
Trust Reg. No.: E/20646/Ahmedabad

સદ્ગુરુ ૐઋષિ સ્વામી ચેરીટેબલ ટ્રસ્ટ
(Trust Reg. No. E/23428/Ahmedabad
CSR No: CSR00045126 | 80G: ABDTS5377GF20221)

૦૦૧, ગ્રાઉન્ડ ફ્લોર , આંગી એપાર્ટમેન્ટ,
અન્નપૂર્ણા પાર્ટી પ્લોટ ની સામે,
નવા વિકાસ ગૃહ રોડ, પાલડી,
અમદાવાદ - ૩૮૦૦૦૭.

E-mail ID : omkarsampraday@gmail.com
E-mail ID :info@sadguruomrushi.org
Website : www.sadguruomrushi.org

મોબાઈલ નંબર - ૮૭૫૮૯૯૯૨૯૭,
૯૪૨૯૨૦૮૯૯૭, ૯૩૭૬૩૩૪૨૮૯

**મુદ્રક**

પ્રિન્ટ વિઝન પ્રા. લી.
આંબાવાડી બજાર, અમદાવાદ - ૬
ફોન નં - (૦૭૯) ૨૬૪૦૫૨૦૦

ઓગષ્ટ-૨૦૨૬ | પાના નં: ૨૪
વર્ષ: ૧૨ | અંક: ૨
કિંમતરૂ.: ૧૦/-

# તંત્રી સ્થાનેથી...



પ્રિય ભક્તજનો,

ગુરૂપૂર્ણિમાના પાવન અવસરના દિવસે પરમ પૂજ્ય ગુરુજીની આધ્યાત્મિક અને ધાર્મિક પરિક્રમાને ૩૫ વર્ષની પૂર્ણાહૂતિ થઈ. મંત્ર-મંત્રશક્તિપાત-ચોપાઇ-શ્લોક તેમજ ચાલીસાઓ અને બાવનીઓની દિવ્ય અને તેજોમય રચના કરીને એમણે યુગો-યુગો સુધી મનુષ્યજાતિ ઘરે બેઠા પોતાના પ્રશ્નોના સમાધાન કરી શકે તેવો સબળ અને સશક્ત માર્ગ અપનાવ્યો છે. આજના આ ભીષણ યુગમાં પરમ પૂજ્ય ગુરુજીના દિવ્ય મંત્રોથી લોકો આર્થિક, શારીરિક અને માનસિક સમૃદ્ધિ પ્રાપ્ત કરી ચૂક્યા છે અને કરી રહ્યા છે.

પરમ પૂજ્ય ગુરુજી દીર્ઘદૃષ્ટા હોવાની વાત દરેક ભક્તોએ પોતપોતાના અનુભવના માધ્યમથી જાણી અને પીછાણી છે. કદાચ સો-બસો વર્ષ પછી મંત્રનો એક આવો રચયિતા પણ આ પૃથ્વી પર થઇ ગયો એ મંત્રોના રીસર્ચનો વિષય તો બનશે જ પરંતુ હાથ જોડીને એ ગુરુઊર્જાને વંદન કરવાનો ભાવ એ યુગના લોકોને જનમશે એવું હું સચોટપણે માનું છું.

પરમ પૂજ્ય ગુરુજીની સદેહ હાજરીના કારણે જ કદાચ આપણે એમની દિવ્ય શક્તિઓને સમજવા, શીખવા, જાણવા તત્પર નથી એ કદાચ આપણી કમનસીબી કહી શકાય એવું મારું માનવું છે.

આ સાથે અહીંયા હું ગુરૂજી રચિત ગઝલ સંગ્રહમાંથી એક ગઝલ પ્રસ્તુત કરી રહ્યો છું.

**'મનોમંથન'**

**હોય જો જૂઠી કથા, ખંડન કરો, જી-હજૂરી જેવું ના વર્તન કરો.**
**ઓગળી જાશે પહાડો એ બધા, આટલું મજબૂત એવું મન કરો.**
**સ્પર્શથી એ મૂર્તિ મૂંઝાઇ જશે, દૂર ઊભા રહી અને દર્શન કરો.**
**આભ આપો આખું, કાં કાંઇ જ નહીં, પાંખના હળવા જરા બંધન કરો.**
**ખોટ જો ખાધી તમે છે ખૂબ આ, તો જરા ઊંડું મનોમંથન કરો.**

ૐકાર સંપ્રદાયની છત્રછાયા તેમજ પરમ પૂજ્ય ગુરુજીના આશીર્વાદ અને તેમના આપેલા મંત્રોના સ્મરણથી આપનું જીવન સરળ અને ઉત્તમ રહે એવી ગુરુજીની ચરણોમાં પ્રાર્થના સાથે અહીં મારા વક્તવ્યને વિરામ આપુ છું.

તંત્રી,
કિંજલભાઈ શાહ

|| ૐ નમઃ ||

## મંત્રયુગપરિવર્તક ૐકાર મહામંડલેશ્વર ૧૦૦૮

## પ.પૂ. સંતશ્રી સદ્ગુરુ ૐઋષિ સ્વામીના

# ગુરૂપૂર્ણિમાના પાવન અવસર પર

## ૐકારની દિવ્યકૃપા અને મંત્રથી તેજોમય

# મહાદર્શનનો લાભ લેતા ભક્તજનો

ગુરૂપૂર્ણિમાના પાવન અવસર પર પ.પૂ. સંતશ્રી સદ્ગુરુ ૐઋષિ સ્વામીના મહાદર્શનનો લાભ લેવા હજારો ભક્તોની ભીડ લાગેલ. આ પાવન દિવસે ભક્તોએ મહાદર્શન, આશીર્વાદ, સંગીત અને મહાપ્રસાદના સમન્વયનો લાભ લઇ ખૂબ જ ધન્યતા અનુભવેલ. તારીખઃ ૨૯-૭-૨૦૨૬ના રોજ અન્નપૂર્ણા હોલ, પાલડી, અમદાવાદ ખાતે પરમ પૂજ્ય ગુરુજીના ભવ્યાતિભવ્ય મહાદર્શન રાખવામાં આવેલ. દરેક દર્શનાથી ભક્તોને ગુરુજી દ્વારા સિદ્ધ ચેઈન-પેન્ડન્ટ ભેટ સ્વરૂપે આપવામાં આવેલ. આ પુણ્યપળનો લાભ લેનાર સૌજન્યદાતાઓએ પરમ પૂજ્ય ગુરુજીને પુષ્પહાર અંગીકાર કરી તેમનું આનંદભેર બહુમાન કરેલ.






|| ૐ નમઃ ||


















# ઘરે બેઠા ભગવાન શ્રીગણેશની સાધના કરી આપના ઘરમાં લક્ષ્મીનો વાસ થાય એ માટેની ગણેશ ચતુર્થીના દિવસથી શરૂ કરવાની ચમત્કારિક મંત્રસાધના



ગણેશ ચતુર્થી હિન્દુ ધર્મના પ્રમુખ તહેવારોમાંનો એક તહેવાર છે. આ તહેવાર ભાદરવા મહિનાની શુક્લ ચતુર્થીનાં દિવસે ઉજવવામાં આવે છે. ગણેશ ચતુર્થી પ્રથમ પૂજ્ય ભગવાન શ્રી ગજાનનનો પર્વ છે. આ પવિત્ર દિવસે બુદ્ધિ, રિદ્ધિ-સિદ્ધિ અને સૌભાગ્યના દેવતાના રૂપે ભગવાન શ્રી ગણેશજીની પૂજા-અર્ચના કરવામાં આવે છે. ધાર્મિક માન્યતા અનુસાર ગણેશજીનો જન્મ ભાદ્રપદની શુક્લપક્ષની ચતુર્થીના મધ્યાહ્‌ન સમયે સ્વાતિ નક્ષત્ર અને સિંહ લગ્નમાં થયો હતો. એ માટે આ મુખ્ય ગણેશ ચતુર્થી અથવા વિનાયક ચતુર્થી તરીકે ઓળખાય છે.

ગણેશ ચતુર્થી શા માટે મનાવવામાં આવે છે? તે માટે એવું કહેવાય છે કે..., સૃષ્ટિના આરંભ સમયે જ્યારે એવો પ્રશ્ન ઉપસ્થિત થયો કે પ્રથમ પૂજ્ય કોને માનવામાં આવે? તો દેવતાઓ ભગવાન શિવ પાસે પહોંચ્યા ત્યારે શિવજીએ કહ્યું કે સંપૂર્ણ પૃથ્વીની પરિક્રમા જે સૌથી પહેલા કરી લેશે તેને જ પ્રથમ પૂજ્ય માનવામાં આવશે. આ રીતે બધા જ દેવતાઓ પોત-પોતાના વાહનોમાં બેસીને પૃથ્વીની પ્રદક્ષિણા (પરિક્રમા) કરવા નીકળી પડ્યા. જ્યારે ભગવાન શ્રી ગણેશજીનું વાહન તો ઉંદર છે અને તેનું શરીર સ્થૂળ છે તો ભગવાન શ્રીગણેશજી કેવી રીતે પરિક્રમા કરી શકે. ત્યારે ભગવાન ગણેશજીએ પોતાની બુદ્ધિ અને ચાતુર્યથી પોતાના પિતા ભગવાન શિવજી અને માતા પાર્વતીની ત્રણ પરિક્રમા પૂરી કરી અને બે હાથ જોડીને ઊભા રહી ગયા. ત્યારે ભગવાન શિવજીએ ગણેશજીને કહ્યું કે, તારાથી વધુ મહાન અને બુદ્ધિમાન આ પૂરા સંસારમાં કોઇ નથી. માતા અને પિતાની ત્રણ પરિક્રમા કરીને તે સંપૂર્ણ ત્રણેય લોકની પરિક્રમા પૂર્ણ કરી લીધી છે અને તેનું ફળ તને મળી ગયું જે પૃથ્વીની પરિક્રમા કરતા પણ મોટું છે.

માટે જે કોઇ મનુષ્ય કોઇપણ કાર્યનો આરંભ કરશે તે પહેલા તારી પૂજા-અર્ચના કરશે અને આ રીતે કરવાથી તે મનુષ્યને કોઇપણ પ્રકારની મુશ્કેલીનો સામનો નહીં કરવો પડે. બસ, ત્યારથી ભગવાન શ્રીગણેશજી પ્રથમ પૂજ્ય ગણાવા લાગ્યા અને તેમની પૂજા બધાં જ દેવી-દેવતાઓથી પહેલા થવા લાગી.

ગણપતિ - ગણ+પતિ. 'પતિ' એટલે કે પાલન કરનાર. 'ગણ' શબ્દના વિભિન્ન અર્થ છે - મહર્ષિ પાણિની અનુસાર : 'ગણ' એટલે અષ્ટ વસુઓનો સમૂહ. વસુ એટલે દિશા, દિકપાલ (દિશાઓના સંરક્ષક) એટલે અહીં ગણપતિનો અર્થ થયો દિશાઓના પતિ, સ્વામી. ગણપતિની અનુમતિ વિના કોઇપણ દેવતાનું કોઇપણ દિશામાંથી આગમન નથી થઇ શકતું. માટે કોઇપણ શુભ, મંગલ કાર્યની શરૂઆતમાં ગણપતિ પૂજન પ્રથમ કરવું અનિવાર્ય ગણાય છે. ગણપતિ પૂજન દ્વારા સર્વ દિશાઓના મુક્ત થવાની જ પૂજિત દેવતા પૂજા સ્થાન પર બિરાજમાન થઇ શકે છે. આ વિધિને મહાદ્વાર અથવા મહાગણપતિ પૂજન કહેવામાં આવે છે.

ભાદ્રપદની ચતુર્થીથી દસ દિવસ સુધી અર્થાત્ અનંત ચતુર્થી સુધી ગણેશ ચતુર્થીનો આ ઉત્સવ મનાવાય છે. દરેક ઘર, ગલી, મહોલ્લાઓમાં ગણપતિ ભગવાનની પૂજા, અર્ચના, આરાધના, આરતી તેમજ અનેક કાર્યક્રમોનું આયોજન આ તહેવારને એકદમ ભક્તિમય બનાવી છે. ત્રણ, પાંચ, સાત કે દસ દિવસ પછી મૂર્તિનું વિસર્જન કરવામાં આવે છે. તેની પાછળ પણ એવી માન્યતા છે કે જેવી રીતે મહેમાન ઘરે આવે તો કાંઇને કાંઇ લઇને આવતા હોય છે તેવી જ રીતે ભગવાન શ્રી ગણેશજીને આપણે આમંત્રિત કરીએ છીએ ત્યારે તે ઘરમાં સુખ-સમૃદ્ધિ અને ખુશહાલી લઇને

આવે છે જે કાયમ રહે છે. માટે શ્રદ્ધાળુઓ દ્વારા દર વર્ષે પૂર્ણ શ્રદ્ધા અને આસ્થા સાથે ભગવાન શ્રીગણેશજીને પોતાના ઘરે આમંત્રિત કરવામાં આવે છે અને ભક્તિભાવ સાથે પૂજા, અર્ચન, આરાધના કરવામાં આવે છે.

આ રીતે ભગવાન શ્રી ગણેશજી પ્રથમ પૂજ્ય અને વિઘ્નહર્તા દેવ ગણાય છે. રિદ્ધિ-સિદ્ધિ અને ઐશ્વર્ય-સમૃદ્ધિ પ્રદાન કરનાર ભગવાન શ્રીગણેશજીની ભક્તિનો આ મહાપર્વ પૂરા ભારતમાં ખૂબ જ ધામધૂમ સાથે ઉજવવામાં આવે છે.

દર વર્ષે હું આપ સૌ ભક્તજનોને ગણેશ ચતુર્થીના દિવસથી કરવાની સાધના આપુ છું અને આજે પણ આ વખતે ગણેશચતુર્થીના દિવસથી કરવાની સાધના આપી રહ્યો છું, જેનાથી આ વર્ષ દરમિયાન ભગવાન શ્રી ગણેશની કૃપા આપ સર્વ પર સદાય બની રહે.

**આ વખતે ગણેશ ચતુર્થી તારીખ : ૧૪-૯-૨૦૨૬, સોમવારના રોજ છે.**

## ગણેશ ચતુર્થીના દિવસથી ૧૮ દિવસ કરવાની મંત્રસાધના માટેની માહિતી

સૌપ્રથમ લાકડાનું બાજઠ લેવું. ત્યારબાદ એના ઉપર લાલ કલરનું વસ્ત્ર પાથરવું અને એ વસ્ત્ર ઉપર કંકુનો સ્વસ્તિક કરવો. ત્યારબાદ સ્વસ્તિકની બરાબર ઉપર એક મુઠ્ઠી ચોખાની ઢગલી કરવી અને એ ઢગલી ઉપર પાંચ આખી સોપારી મુકવી. ત્યારબાદ નીચે આપેલા ચક્રને કટીંગ કરી લેમીનેશન કરાવીને સ્થાપનમાં મુકવું. ત્યારબાદ નીચે આપેલ મંત્રની એક માળા કરી ૐકાર ચાલીસાનો પાઠ એકવાર કરવો.

### ૐ શ્રી ભગવાન શ્રીગણેશ સિદ્ધ ચક્ર




### મંત્રઃ ॥ ૐ ગણેશાય શક્તિતાય ત્રતા નમઃ ॥

- **કેટલા દિવસની સાધના? :** આ સાધના સ્થાપન કર્યાનાં કુલ ૧૮ દિવસ કરવી. વચ્ચે કોઈ દિવસ પડે તો ચિંતા ન કરતા કુલ ૧૮ દિવસ ગણીને સાધના પૂરી કરવી.
- **સ્થાપન કરવાનો સમય :** ગણેશ ચતુર્થીના દિવસે સવારે ૭ થી ૧૦ વાગ્યા દરમિયાન સ્થાપન કરવું.
- **સાધના કરવાનો સમય :** કોઈપણ સમયે કરી શકાય.
- **વસ્ત્ર કયા પહેરવા? :** કોઈપણ કલરનાં વસ્ત્ર ધારણ કરી શકાય.

સાધના પૂર્ણ થયા બાદ સ્થાપનમાં મુકેલ બધી જ વસ્તુ ચક્ર સાથે કોઈપણ ઝાડ કે છોડ અથવા તો નદીમાં વિસર્જન કરી દેવી.



# ગણેશ ચતુર્થીમાં ગણેશજી - લક્ષ્મીજીની પધરામણી કરાવવાની વિધિ

**(દરેક વિધીનો પ્રારંભ શુભ મુહૂર્તમાં કરવો.)**

સૌપ્રથમ ઘરનાં મુખ્ય વ્યક્તિ અને તેના પત્ની તથા સંતાનોએ કુમકુમ તિલક કરવું. અન્ય કુટુંબીજનો અને તે સમયે હાજર સૌને પણ તિલક કરી શકાય તો કરવું.

એક પાટલા/ ટેબલ કે બાજઠ પર લાલ કપડું પાથરવું.

ગણપતિ દાદાની મૂર્તિ પધરાવવાની હોય તે સ્થાને (શક્ય હોય તો મધ્યમાં) અક્ષત (ચોખા) ની નાનકડી ઢગલી કરવી. આ ચોખાની ઢગલી પર જ ભગવાન ગણપતિની મૂર્તિ બિરાજમાન કરવાની હોવાથી મૂર્તિ ક્યાંયથી ડગમગ ના થાય એ ધ્યાનમાં રાખીને પ્રમાણસર ચોખા લેવા અને બધી તરફ એકસરખો જથ્થો રહે એવી ઢગલી કરવી.

ત્યારબાદ શુદ્ધ ભાવ સાથે ઘરના પુરૂષે એ ચોખાની ઢગલી પર ગણપતિ ભગવાનને બેસાડવા.

તે પછી ઘરની સ્ત્રીએ ગણપતિદાદાને લાલ અથવા લીલા અથવા ગુલાબી રંગનો ખેસ અથવા વાઘા પહેરાવવા. તે પછી ગણપતિને શણગાર માટેના દાગીના પહેરાવવા. તે પછી ગણપતિદાદાના જમણા હાથે/કાંડા પર લાલ રંગનો દોરો બાંધવો અને ત્યારબાદ ગણપતિના તૂટેલા દાંત પર કુમકુમનો ચાંલ્લો કરવો. આ બધું જ ઘરની સ્ત્રીએ કરવાનું રહેશે, અથવા તો તુલા રાશી ધરાવતી કુંવારીકાના હસ્તે કરાવી શકાય.

આટલી વિધિ બાદ પાંચથી દસ મિનિટ સુધી સૌએ ગણપતિ સન્મુખ ઊભા રહીને પોતાની શુદ્ધ મનોકામના પૂર્ણ કરવા માટે અને કોઈ વિઘ્ન/ અડચણ હોય તો તે દૂર કરવા માટે ગણપતિદાદા પાસે ભક્તિભાવપૂર્વક મનોમન પ્રાર્થના કરવી.

તે પછી ઘરના પુરૂષે કે પતિ-પત્નિ બંનેએ નીચે આપેલા ૬ મંત્રો અઢાર-અઢાર વખત બોલવા. શક્ય હોય ત્યાં સુધી અઢારના આંકથી એક પણ વધે કે ઘટે નહિ તેની કાળજી રાખવી.

(૧) ॥ ૐ ત્રાવત્ય ગણેશાય નમઃ ॥

(૨) ॥ ૐ વાવલ્ય ગણેશાય નમઃ ॥

(૩) ॥ ૐ ગં ગણપતયે નમઃ ॥

(૪) ॥ ૐ વાદીતા રિદ્ધિ સિદ્ધિ ત્રુપલ્ય નમઃ ॥

(૫) ॥ ૐ ગણેશાય તુર્ગમ નમઃ ॥

(૬) ॥ ૐ શિવા શિવા વૃંદમ નમો નમઃ ॥

# લક્ષ્મીજીની પધરામણી માટેની વિધિ



ગણપતિની ડાબીબાજુ એક પાટલા કે બાજઠ પર પીળું વસ્ત્ર મૂકવું. ઘરની સ્ત્રી કે કન્યાના હસ્તે તેના પર લક્ષ્મીજીની મૂર્તિ મૂકવી. લક્ષ્મીજીને પીળું વસ્ત્ર પહેરાવવું. લક્ષ્મીજીને પીળા કલરનું તિલક કરવું. તેમના પગ પાસે પાંચ કમળના ફૂલ બિરાજમાન કરાવવા.

તે પછી પતિ-પત્નીએ નીચે મુજબના ૯ મંત્રો અઢાર-અઢાર વખત બોલવા. શક્ય હોય ત્યાં સુધી અઢારના આંકથી એક પણ વધે કે ઘટે નહિ તેની કાળજી રાખવી

(૧) ॥ ૐ વાજલ્યલક્ષ્મી દેવી નમઃ॥
(૨) ॥ ૐ સૂર્યલક્ષ્મી દેવી નમઃ ॥
(૩) ॥ ૐ અષ્ટલક્ષ્મી દેવી નમઃ ॥
(૪) ॥ ૐ કાર્યલક્ષ્મી દેવી નમઃ ॥
(૫) ॥ ૐ શુક્તાલક્ષ્મી દેવી નમઃ ॥
(૬) ॥ ૐ મહાલક્ષ્મી દેવી નમઃ ॥
(૭) ॥ ૐ વરદાયિની લક્ષ્મી દેવી નમઃ ॥
(૮) ॥ ૐ શુભલક્ષ્મી દેવી નમઃ ॥
(૯) ॥ ૐ અન્નતાલક્ષ્મી દેવી નમઃ ॥

ત્યારબાદ બે વખત ૐકાર ચાલીસાનું રટણ કરવું.

## ૐ શ્રી ગણેશજી અને લક્ષ્મીજીના ઉત્થાપનની વિધિ

સંકલ્પ મુજબ દોઢ/ત્રણ/પાચ/સાત કે દસ દિવસ સુધી શ્રી ગણેશજી અને લક્ષ્મીજીની ઘેર પધરામણી કરાવ્યા બાદ તેમને વળાવવાના દિવસે ઉત્થાપનની વિધિ નીચે મુજબ છે.

શ્રી ગણેશજીના ઉત્થાપન માટે અગાઉ આપેલા છ મંત્રો અઢાર-અઢાર વખત બોલવા. શક્ય હોય ત્યાં સુધી અઢારનાં આંકથી એક પણ વધે કે ઘટે નહિ તેની કાળજી રાખવી અને ત્યારબાદ

**॥ ૐ શુમાંતુ શુમાંતુ ગણપતયે નમો નમઃ ॥**

બોલી મનોમન ભક્તિભાવપૂર્વક ફરી પધારવા વિનંતી કરી ગણપતિદાદાની મૂર્તિને સહેજ ખસેડવી

## શ્રી લક્ષ્મીજીના ઉત્થાપન માટેની વિધિ

અગાઉ આપેલા ૯ મંત્રો અઢાર-અઢાર વખત બોલવા. શક્ય હોય ત્યાં સુધી અઢારના આંકથી એક પણ વધે કે ઘટે નહિ તેની કાળજી રાખવી અને ત્યારબાદ

**॥ ૐ પ્રાં પ્રીં પ્રૌં લક્ષ્મીદેવી ત્રુમ ત્રુમ નમઃ ॥**

બોલી મનોમન ભક્તિભાવપૂર્વક ફરી પધારવા વિનંતી કરી લક્ષ્મીજીની મૂર્તિને સહેજ ખસેડવી.

(ગણેશજીની મૂર્તિ જળમાં પધરાવવાની હોય છે. લક્ષ્મીજીની મૂર્તિ આરસ કે ચાંદીની હોય તો પધારવવાની રહેતી નથી. પણ નિત્ય પૂજામાં કે પવિત્ર સ્થાને મૂકી દેવાની રહે.)



# પર્યુષણ મહાપર્વમાં મોક્ષ પ્રાપ્તિના માર્ગ પર ચાલવા માટેની ચમત્કારિક મંત્ર ગુરૂચાવી

પર્યુષણ મહાપર્વ માત્ર જૈનોના તહેવાર તરીકે નહીં પરંતુ, આ સાર્વભૌમ પર્વ છે. કારણકે તેમાં આત્માની ઉપાસના કરવામાં આવે છે. આ પર્યુષણ પર્વ એકમાત્ર એવો તહેવાર છે જેમાં આત્મરત્ થઈને વ્યક્તિ આત્માર્થી બને છે તેમજ અલૌકિક, આધ્યાત્મિક આનંદના શિખર પર આરોહણ કરતાં-કરતાં મોક્ષગામી થવાનો સદ્પ્રયાસ કરે છે.

પર્યુષણ પર્વનું પોતાનું અપૂર્વ તેમજ એક વિશિષ્ટ આધ્યાત્મિક મહત્ત્વ છે. આ આત્મશુદ્ધિનો પ્રેરક તહેવાર છે માટે આ પર્વ નહીં પરંતુ, મહાપર્વ ગણાય છે. પર્યુષણ પર્વ એટલે જપ, તપ, સાધના, આરાધના, ઉપાસના, અનુપ્રેક્ષા જેવા અનેક પ્રકારના અનુષ્ઠાનોનો અવસર છે. ‘‘પર્યુષણ પર્વ અંતરાત્માની આરાધનાનો પર્વ છે.’’ આત્મશોધન માટેનો તહેવાર છે.

પર્યુષણ પર્વનો શાબ્દિક અર્થ છે - આત્મામાં સ્થિત થવું. પર્યુષણ એટલે ‘‘परिसमन्तात समग्रतया उषणं वसनं निवासं करणं ।’’ પર્યુષણનો એક અર્થ છે - કર્મોનો નાશ કરવો. કારણકે જ્યારે કર્મરૂપી શત્રુઓનો નાશ થશે ત્યારે જ આત્મા પોતાના સ્વરૂપમાં સ્થિત થશે. પર્યુષણ મહાપર્વ એ આધ્યાત્મિક પર્વ છે, જેનું કેન્દ્રિય તત્ત્વ છે ‘‘આત્મા’’. આત્માના નિરામય, જ્યોતિર્મય સ્વરૂપને પ્રગટ કરવામાં આ મહાપર્વ મહત્ત્વપૂર્ણ ભૂમિકા નિભાવે છે.

ભાદરવા મહિનામાં પર્યુષણ પર્વ મનાવાય છે. શ્વેતાંબર સંપ્રદાયના પર્યુષણ ૮ દિવસ ચાલે છે. આઠમા દિવસે સંવત્સરી મહાપર્વ મનાવવામાં આવે છે. આ દિવસે યથાશક્તિ ઉપવાસ રાખવામાં આવે છે. પર્યુષણ પર્વની સમાપ્તિ એટલે કે પૂર્ણાહૂતિ પર ક્ષમાયાચના પર્વ મનાવવામાં આવે છે. દિગંબર સંપ્રદાયમાં ૧૦ દિવસ પર્યુષણ

મનાવાય છે. તેમને તેઓ 'દસલક્ષણ ધર્મ'ના નામથી પણ ઓળખે છે. દસ લક્ષણ એટલે ઉત્તમ ક્ષમા, ઉત્તમ માર્દવ, ઉત્તમ આર્જવ, ઉત્તમ સત્ય, ઉત્તમ શૌચ, ઉત્તમ સંયમ, ઉત્તમ તપ, ઉત્તમ ત્યાગ, ઉત્તમ પ્રાપ્તિ, ઉત્તમ બ્રહ્મચર્ય તથા અંતિમ દિવસે ક્ષમાવાણીના રૂપમાં મનાવાય છે.

પર્યુષણ પર્વ આત્મ જાગરણનો સંદેશ આપે છે અને આપણી સૂતી આત્માને જગાડવાનો તહેવાર છે. આ તહેવાર મૈત્રી અને શાંતિનો સંદેશ આપે છે. ક્ષમાયાચનાનો તહેવાર ગણાય છે. ભારતીય સંસ્કૃતિનો મૂળ આધાર તપ, ત્યાગ અને સંયમ છે. સંસારના બધાં જ તીર્થો જે રીતે સમુદ્રમાં સમાહિત થઈ જાય છે. તેવી જ રીતે દુનિયાભરનાં સંયમ, સદાચાર તેમજ શીલ, બ્રહ્મચર્યમાં સમાહિત થઈ જાય છે. મનુષ્યની સુષુપ્ત પડેલી આત્મિક ચેતનાને જાગ્રત કરવા, આધ્યાત્મિક જ્ઞાનનો પ્રચાર, સામાજિક સદ્ભાવના તેમજ સર્વ ધર્મ સમભાવનાં કથનને બળ પુરૂ પાડવા માટે પર્યુષણ પર્વ મનાવવામાં આવે છે. આ પર્યુષણ આત્મમંથનનો તહેવાર છે. જેમાં તે સંકલ્પ લેવામાં આવે છે કે પ્રત્યક્ષ અથવા પરોક્ષરૂપે જીવમાત્રને ક્યારેય પણ કોઈપણ પ્રકારનું કષ્ટ ન પહોંચાડવું અને કોઈનાથી પણ વેરભાવ, ઈર્ષા ન રાખવા. સંસારના સમસ્ત પ્રાણીઓથી જાણતાં-અજાણતાં થયેલી કોઈપણ ભૂલચૂક બદલ ક્ષમાયાચના કરીને દરેકનાં મંગલ માટે કલ્યાણ માટે કામના કરવામાં આવે છે.

આ મહાપર્વ પર્યુષણ ભગવાન મહાવીર સ્વામીના મૂળ સિદ્ધાંત ''अहिंसा परमो धर्म'' અને ''जीयो और जीने दो'' ની રાહ પર ચાલવાનું શીખવે છે. આ પર્વાનુસાર संपिक्खए अप्पगमप्पएणं અર્થાત્ આત્મા દ્વારા આત્માને જોવાનો ઉપદેશ આપવામાં આવ્યો છે. જૈન ધર્મની પરંપરા અનુસાર પર્યુષણ પર્વના અંતિમ દિવસ એટલેકે ક્ષમાવાણી દિવસ પર બધાં એકબીજાને ''मिच्छामि दुक्कडम्'' કહીને ક્ષમા માંગે છે. આ રીતે પર્યુષણ પર્વ એ આત્મશુદ્ધિની સાથે આત્મામાં રહેલી મલીનતાને દૂર કરીને આત્માને જાગૃત કરવાનો તહેવાર છે. આત્મચિંતન તેમજ સદ્માર્ગ પર ચાલવાનો આ તહેવાર ભારત ઉપરાંત વિદેશોમાં પણ ખૂબ જ આસ્થા, ભક્તિ અને આરાધના સાથે ઉજવવામાં આવે છે.

## પર્યુષણ મહાપર્વમાં મોક્ષ પ્રાપ્તિના માર્ગ પર ચાલવા માટેની દિવ્ય મંત્રસાધનાની માહિતી

પર્યુષણના દિવસથી નીચે આપેલા મંત્રની એક માળા ૧૮ દિવસ સુધી કરવી. આ મંત્ર આપ સિદ્ધ કરવા માંગતા હોય તો ત્રણ મહિનામાં ૩૬૦૦૦ વખત કરવો. આ મંત્ર કોઈપણ સમયે ગમે તે જગ્યાએ બેસીને થઈ શકે છે.

**મંત્ર**

**॥ ૐ મહાવીરાય મોક્ષીદા ત્રતા નમઃ ॥**

**(આ મંત્રની એક માળા કરવી)**

## મંત્રથેરાપી દરબારથી આર્થિક મુશ્કેલી દૂર થઇ

મંત્રથેરાપી દરબાર ગોંડલમાં પરમ પૂજ્ય સદ્ગુરુ ૐઋષિ સ્વામીની નિશ્રામાં જે આયોજન કરવામાં આવ્યું હતું એમાં મેં અને મારી પત્નીએ ભાગ લીધો હતો. મંત્રથેરાપી દરબારમાં અમે એવા સંકલ્પ સાથે ગયા હતા કે હાલની અમારી આર્થિક મુસીબત ચારેતરફથી આવી ગઇ હતી એમાંથી અમે બહાર નીકળીએ અને ધીરે ધીરે આર્થિક પ્રગતિના રસ્તા ખુલે.

સૌપ્રથમ તો મારી જોબ ના હોવાના કારણે મહિનાનો ઘરખર્ચ ચલાવવો મુશ્કેલીનું કારણ બન્યું હતું. નવા લીધેલા ઘરના ઇએમઆઇ ચાલી રહ્યા હતા. પત્ની પણ જોબ કરે છે પણ એની આવકમાં ઘર ચાલે એવી શક્યતા નહોતી દેખાતી. સગાવ્હાલા પાસેથી ઉધાર લઇ ચૂક્યા હતા. મંત્રથેરાપી દરબારમાં સંકલ્પ સાથે તો અમે ગયા હતા પરંતુ અમારા માટે આશાનું કોઇ કિરણ અમને દેખાતું ન હતું.

પરંતુ મંત્રથેરાપી દરબારમાં બતાવેલી પ્રક્રિયા પ્રમાણે અને ખાસ કરીને દરેક પ્રક્રિયાને નિયમિત કરતા સાત દિવસમાં મેં જે કંપનીમાંથી રાજીનામું આપ્યું હતું એ કંપનીમાં જ મને પાછી નોકરી મળી ગઇ અને પરિસ્થિતિ અત્યારે આર્થિક રીતે રાબેતામુજબ થઇ ગઇ છે. ધીરે ધીરે દિવાળી સુધીમાં સગાવ્હાલા પાસેથી લીધેલા પૈસા અચૂક પાછા આપી શકાશે અને આર્થિક પ્રગતિ જણાઇ રહી છે.

મંત્રથેરાપી દરબારમાં બેઠા પછી મેં ખરીદેલા શેર જેની રકમ માત્ર ત્રણેક લાખ રૂપિયા થતી હતી. જે શેર લીધા પછી ઘટી ગયો હતો પરંતુ મંત્રથેરાપી દરબારના બીજા દિવસથી એ શેરના ભાવ વધ્યા અને લગભગ ભાવ ટુ ભાવ શેર વેચીને પણ અમે ઘર ઉપર ચઢેલા હપ્તાઓ પૂરા કર્યા. હવે એક જ દિવસમાં થયેલા ચમત્કારને હું મારા શબ્દોમાં તો એટલું જ કહીશ કે આજના કળિયુગમાં અશક્ય થતી ઘટનાને મંત્રથેરાપી દરબારે શક્ય બનાવ્યું. મંત્રથેરાપી દરબારનું આયોજન જ્યાં પણ થાય ત્યાં દરેક વ્યક્તિ જે દુ:ખી છે પરેશાન છે તેમણે એકવાર ભાગ લેવો જોઇએ. એની ઊર્જાનો પ્રભાવ જ ખૂબ અનેરો છે. ગુરુજીનો ખૂબ ખૂબ અંતઃકરણ પૂર્વકનો આભાર...

લી. પ્રશાંત સાલુકે (ગોંડલ)

## ગુરુજીના આશીર્વાદથી સંતાનપ્રાપ્તિ થઇ

લગ્નના પંદર વર્ષ પછી પણ અમે સંતાનથી વંચિત હતા. ૨૦૨૫ ઓગષ્ટ મહિનામાં પરમ પૂજ્ય ગુરુજીને અમે અમદાવાદ મળ્યા હતા. ગુરુજીએ એક દિવ્ય મંત્ર મને અને મારી ધર્મપત્નીને કરવા માટે આપ્યો. સમય જતા અમે આશા છોડી ચૂક્યા હતા. બે વખત

આઇ.વી.એફ. અને દરેક મેડીકલ ટ્રીટમેન્ટ પછી પણ સંતાન પ્રાપ્તિની ઝંખના અધૂરી રહી ગઇ હતી.

પરમ પૂજ્ય ગુરુજીએ મંત્ર આપ્યો ત્યારે મારી પત્ની ખૂબ નિરાશ હતી. એણે કહ્યું કે આટલી દવાઓ કરી પણ કોઇ ફાયદો થયો નથી તો મંત્ર અને ૐકાર ચાલીસાથી સંતાન કઇ રીતે થશે? એના સવાલનો જવાબ તો મારી પાસે પણ ન હતો, પરંતુ મેં એને કહ્યું કે ડૂબતા માણસ માટે તણખલું પણ જહાજ જેવું હોય છે. મેં મારી પત્નીને સમજાવ્યું અને અમે બંન્નેએ રાત્રે ૯ થી ૧૧ માં દિવ્ય મંત્ર, ૐકાર ચાલીસા અને ગુરુજીએ આપેલા દિશાસૂચન મુજબ રોજ ચાલુ કર્યું.

નવેમ્બર-૨૦૨૫માં મારી પત્નીને પ્રેગ્નેન્સી કન્સીવ થઇ ગઇ. અમારા માટે બહુ જ ખુશીની પળ હતી. અને આજે જ્યારે આ અનુભવ હું લખી રહ્યો છું ત્યારે બે દિવસ પહેલા જ પરમ પૂજ્ય ગુરુજીના દિવ્ય આશીર્વાદથી અમને પતિ-પત્નીને ઈશ્વરે દીકરો આપ્યો છે. અમારા માટે આનાથી વિશેષ આનંદની કોઇ વાત નથી. અમારા માટે આ ઈશ્વરે આપેલું વરદાન છે.

આ સંતાનને અમે એની જિંદગી આનંદપૂર્વક એની શરતો પર જીવવા દઇશું એવો અમે પતિ-પત્નીએ સંકલ્પ કર્યો છે. અમે અમારા સંતાનને કોઇપણ જાતનું દબાણ નહીં કરીએ. ખાલી સાચા રસ્તે અને સાચી દિશામાં ચાલી જીવન ઉત્તમ રીતે વ્યતિત કરે એવી ઉત્તમ ભાવના સાથે એને મોટો કરીશું જેની સૂચના સર્વપ્રથમ અમને ગુરુજીએ સંકલ્પ કરાવતી વખતે આપી હતી કે તમારા જીવનમાં સંતાનપ્રાપ્તિ થાય ત્યારે એવા સંકલ્પ સાથે ચાલવાનું છે કે એ સાચા માર્ગ પર ચાલે એના સિવાય એના પર કોઇપણ જાતનું દબાણ કરવાનું નથી. કદાચ અમારા સાચા હૃદયથી લીધેલો સંકલ્પ અને મંત્ર-ૐકાર ચાલીસા પરની આસ્થા જીતી ગઇ. આપ પણ આવા પ્રશ્નથી ઘેરાયેલા હોય તો આ મંત્ર ॥ ૐ સંતતી સંતતી વજાક નમઃ ॥ ૧૮વખત કરી ૐકાર ચાલીસાનો પાઠ એકવાર નિયમિત કરવો. પરમ પૂજ્ય ગુરુજીના ચરણોમાં કોટી કોટી વંદન...

લી. કલ્પેશભાઇ અને દિવ્યાબેન પુજારા (સુરેન્દ્રનગર)

## શેરબજારમાં આકસ્મિક ધનલાભ થયો

હું છેલ્લા ત્રણ વર્ષથી પરમ પૂજ્ય ગુરુદેવના યુ-ટ્યુબ ચેનલમાં આપેલ મંત્રશક્તિપાત નિયમિતપણે સાંભળું છું. છેલ્લા ત્રણ વર્ષથી મેં શેરબજારનું કામ શરૂ કર્યું છે અને હું એક બેંકમાં નોકરી કરતો હતો એ નોકરી મેં છોડી દીધી છે. છેલ્લા ત્રણ વર્ષમાં શેરબજારમાં આર્થિક ઉપાર્જનની દિશામાં બહુ જ સમજી અને સંભાળપૂર્વક કામ કરીને પગાર કરતા ડબલ આવક મને મળી રહી છે. સવારના ૯ થી રાતના ૭ સુધી છેલ્લા વીસ વર્ષથી વધુ સમયથી બેંકીંગમાં જોબ કરતો હતો અને એક દિવસ મને એવું લાગ્યું કે મારે મારી આવડત હોંશિયારી ઉપર મારે મારું કાર્ય આગળ વધારવું છે અને શેરબજારનો જ ધંધો કરવો છે.

ગુરુજીની આજ્ઞાથી મેં શેરબજારનો ધંધો શરૂ કર્યો. ખૂબ જ એનાલીસીસ કરી સૌપ્રથમ સવારે શેરબજાર ખુલતા પહેલા ગુરુજીનો મંત્રશક્તિપાત બે વખત શ્રવણ કરી લઉં છું, સંકલ્પ કરી લઉં છું અને મારી રીતે એનાલીસીસ કરીને ટેકનીકલી ચાર્ટ પ્રમાણે મને લાગે તે પ્રમાણે હું નાનું નાનું લે-વેચ કરું છું. બહુ જ સમજીને કામ કરવું અને રાતોરાત કરોડપતિ બનવાની ઇચ્છાને બાજુમાં મુકીને સમજીને કામ કરવું, સાંજ પડે ચાર-પાંચ હજાર રૂપિયા મીનીમમ મળે એટલે બજાર એ દિવસ પુરતું જોવાનું બંધ કરી દઉં અને બીજા દિવસની તૈયારી કરવી આ ક્રમને મેં એટલા માટે જાળવ્યો છે કે ગુરુજીએ મને શીખવાડ્યો છે. આ ઉપરાંત એ પણ એમણે મને સમજાવ્યું છે કે જે દિવસે વધુ લાલચમાં જઇશ અને રાતોરાત રોજના લાખ રૂપિયા મળે એવી અપેક્ષા રાખી આ ધંધો કરીશ તો જે મૂડી ભેગી કરી છે એ પણ જતી રહેશે. એમની સલાહની અવગણના મેં એક પણ દિવસ કરી નથી. જેના કારણે હું બેંકની નોકરીમાં જે પ્રેસરમાં જીવતો હતો એના કરતા પણ ખૂબ સારી રીતે જીવું છું.

સાચું કહું તો બેંકમાં મારો પગાર ૮૦,૦૦૦ રૂપિયા હતો અને અત્યારે હું દર મહિને ૧,૨૦,૦૦૦ થી ૧,૩૦,૦૦૦ રૂપિયાની આવક મીનીમમ કરી લઉં છું. ટેક્સ બાદ કરતા મારા માટે આ ખુશીની પળો એ રીતે છે કે જે વીસ વર્ષથી શેરબજારને હું સાઇડમાં કરતો હતો એ જ બજાર મારા માટે મુખ્ય વ્યવસાય બન્યો છે. હું સાંજ પડે કશુંક કામ થયું એનો આનંદ મને અનુભવાય છે. શેરબજારને હું એક વ્યવસાયની જેમ જોવું છું, કોઇ સટ્ટાની જેમ જોતો નથી અને આ સલાહ પણ મને પરમ પૂજ્ય ગુરુજી દ્વારા આપવામાં આવી છે. એમણે આપેલો મંત્ર ॥ ૐ વાદી વાદી લક્ષ્મીતા નમઃ ॥ ૧૮ વખત કરી ૐકાર ચાલીસા અને આકસ્મિક ધનલાભના મંત્રશક્તિપાત હું નિયમિત કરું છું. શેરબજાર ચાલુ હોય ત્યારે પણ ૐકાર ચાલીસાનો પાઠ હું ચાલુ રાખું છું. જેથી કરીને હું અત્યાર સુધી ત્રણ વર્ષથી ટકી રહ્યો છું. ત્રણ વર્ષનું ઓબ્સર્વેશન કર્યા બાદ આજનો અનુભવ મેં આપને કીધો છે. પરમ પૂજ્ય ગુરુજીના ચરણકમળમાં મારા સાષ્ટાંગ દંડવત નમન...

લી. સમ્મેત દેસાઇ (વડોદરા)

## ચપટી ધૂળથી કામ થઇ ગયું

ગુરુજીને મળવા માટે હું ફેબ્રુઆરી-૨૦૨૬માં ગઇ હતી. ઢીંચણ અને કમરનો દુઃખાવો મને સખત હેરાન કરતો હતો. ડાયાબિટીસ અને બ્લડ પ્રેશરના કારણે ઓપરેશન કરવું શક્ય નથી એવું ડૉક્ટરે કહ્યું હતું. હું નિયમિત રીતે જે મારું ઘરનું રોજીંદુ કામ કરતી હતી તે પણ મારાથી થતું ન હતું. માત્ર પચાસ વર્ષની ઉંમરે હું બે પગથી સાવ અટકી ગઇ હતી.

મારા પતિ મને પરમ પૂજ્ય ગુરુજી પાસે લઇ આવ્યા. ગુરુજીએ મારી મુખમુદ્રા અને ઓરા જોઇ એક મંત્ર આપ્યો અને કહ્યું કાંસાની વાટકીમાં પાણી લઇ અનામિકા આંગળી પાણીમાં રાખી

મંત્ર અને ૐકાર ચાલીસા કરી પાણી પી જવું. આ સાથે-સાથે ઢીંચણ પર લગાડવા માટેનો મલમ આપ્યો. ગળામાં એક ત્રતાચક્ર પેન્ડન્ટ પહેરવા માટે આપ્યું.

આ પ્રક્રિયા મેં નિયમિત રીતે ચાલુ કરી. જુલાઇની ૧લી તારીખે જ્યારે હું આ અનુભવ લખીને આપી રહી છું ત્યારે મારા પોતાના કમરના દુ:ખાવામાં અને ઢીંચણમાં સો ટકા રાહત છે. હું મારું ઘરનું નિત્ય કામ સહેલાઇથી કરી શકું છું. ડાયાબિટીસ અને બ્લડપ્રેશર પણ ધીમે-ધીમે નોર્મલ થઇ રહ્યું છે અને ખુશીની વાત એ છે કે ડૉક્ટરે કહ્યું કે હવે ઓપરેશન કરવામાં વાંધો નહીં આવે. ડાયાબિટીસમાં સતત ઉતાર-ચઢાવ રહેતો હતો એને બદલે સ્થિરતા આવી છે. ડૉક્ટરના જણાવ્યા અનુસાર દસ હજારમાં તમે એવો એક કેસ હશો કે આ પ્રોબ્લેમમાંથી બહાર નીકળી રહ્યા છો. તમારું પગનું ઓપરેશન હજી બીજા છ મહિના પછી થશે તો પણ વાંધો નથી.

પરંતુ સાચું કહું તો મને લાગે છે કે ઓપરેશન વગર પણ હું બીજા પાંચ વર્ષ આરામથી કાઢી શકીશ. સવાર-બપોર-સાંજ-રાત ગુરુજીનો આપેલો મંત્ર તો કરું જ છું અને એમણે આપેલો મલમ પણ લગાવું છું. મારા માટે જે હું પથારીવશ થવાની અવસ્થામાં હતી એ સંજોગોમાં મારા પતિ મને આગ્રહ સાથે ગુરુજી પાસે લઇ આવ્યા એનો ચમત્કાર મને દેખાય છે. મારા પતિ મારા કરતા પણ વધારે ખુશ દેખાય છે કારણકે એ નિયમિત રીતે દુકાને જઇ શકે છે અને ઘરની કોઇ જવાબદારી એમના માથા ઉપર નથી. ગુરુજીના ચરણોમાં મારા નિત્ય વંદન નમન...

લી. સ્મિતાબેન દુધીયા (સુરત)

## ગુરુજીએ મને કરોડપતિ બનાવી દીધો

પરમ પૂજ્ય ગુરુજીના આશીર્વાદથી ઘણી મોટી રાહત જીવનમાં થઇ. વાત એમ હતી કે અમારા બાપ-દાદાની સંપત્તિ એટલેકે જમીન લીધેલી હતી પરંતુ એમાં અમારું નામ ચઢતું ન હતું. અમારી જમીન જે લગભગ ૫૦વીઘાની આસપાસની હતી જેની માર્કેટ વેલ્યુ ૫૦કરોડની આસપાસ થાય. આમ કહીએ તો છેલ્લા ૨૫ વર્ષથી મારા માતા-પિતા કેસ લડતા હતા પરંતુ એમાં કોઇ સફળતા મળતી ન હતી. હું મહિને ૨૦,૦૦૦ રૂપિયાની નોકરી કરતો વ્યક્તિ અને મારા દાદાના વારસદારોમાં હું એક જ વ્યક્તિ છું. મને પરમ પૂજ્ય ગુરુજીમાં ખૂબ જ આસ્થા છે.

મેં ગુરુજીને પહેલી વખત મળીને આ વાત કીધી ત્યારે ગુરુજીએ મને કીધું કે "જા થઇ જશે. તું મંત્ર નિયમિત રીતે કરજે."

એમણે આપેલો મંત્ર II ૐ ભૂમિતા ભૂમિતા વલમ નમઃ II નિયમિત રીતે કરવાનું મેં શરૂ કર્યું. આ મંત્ર મને ત્રણ વખત કરવાનો કીધો હતો અને ૐકાર ચાલીસાનો પાઠ એકવાર કરવાનો કીધો હતો. પણ હું મંત્રની એક માળા કરતો અને ૐકાર ચાલીસા ત્રણ વાર કરતો હતો.

II ૐ નમઃ II

લગભગ બે વર્ષ પછી ૭-૧૨માં મારા પિતાનું નામ દાખલ થયું અને એ જમીનની માલિકી અમારી થઇ ગઇ. એના પર ખેડૂતો જમીન ખેડતા હતા એ લોકો સાથે જમીનના સમાધાનની વાત ચાલુ થઇ. વાતચીત કરતા જમીનનો કબ્જો એમની પાસે હતો અને નામ અમારું હતું એટલે અડધી રકમ અમને મળી. એટલે ૨૫ કરોડ રૂપિયાની રકમ મળી.

હું અને મારા પિતા ભેગા થઇને મહિને ૪૦,૦૦૦ રૂપિયા કમાતા હતા અને ભાડાના ઘરમાં રહેતા હતા. ૨૫ કરોડની રકમ અમારા માટે તો ૨૫૦૦ કરોડ બરાબર છે. આ રકમ જ્યારે હાથમાં આવી ત્યારે મારા પિતાની આંખોમાં આંસુ આવી ગયા હતા. એમણે ગુરુજીના પગમાં લગભગ પંદર મિનિટ સુધી માથું મુકી દીધું. એમના મોઢામાંથી માત્ર એટલા શબ્દો જ નીકળ્યા કે ગુરુજી તમે મને અરબપતિ બનાવી દીધો.

આજે અમારું પોતાનું મોટું ઘર છે. મારા લગ્ન પણ ઉત્તમ પરિવારમાં થયા. મહિને ૪૦,૦૦૦ની આવકમાં જીવવાવાળા વ્યક્તિઓ પાસે ૨૫ કરોડની રકમ આવે તો તમે જ વિચાર કરો કે કેવી જિંદગી જીવી શકતા હશે. ભારત બહારના દેશોની વાત તો છોડી દો પરંતુ મારી માતા લગ્ન બાદ કોઇ જગ્યાએ ફરવા માટે પણ ગયા હતા. જે હવે દુનિયા ફરવાની વાતો કરે છે અને હકીકત બનાવે છે.

ગુરુજીને હમણા મળ્યો ત્યારે ગુરુજીએ મને કહ્યું કે તારો અનુભવ લખ તો લોકોને પ્રેરણા મળે. લોકો જે હિંમત હારી જાય છે, નાની-નાની વાતમાં સ્યુસાઇડ કરી નાખે છે તો એમને એવી પ્રેરણા મળે કે જીવનમાં ગમેત્યારે પણ ગુરુના આશીર્વાદ હોય અને મંત્રની શક્તિ હોય તો કાર્યસિદ્ધિ થાય છે અને એટલા માટે આ અનુભવ મેં ગુરુજીના આશ્રમની એ પવિત્રઊર્જામાં બેસીને લખ્યો છે. ક્ષેત્રપાળવીરના દર્શન માટે અમે નિયમિત ૐકારધામ તીર્થ, પાનવા જઇએ છીએ. પરમ પૂજ્ય ગુરુજીના ચરણોમાં કોટી કોટી વંદન...

લી. કશ્યપ પટેલ (અમદાવાદ)

સદ્‌ગુરુ ૐઋષિ દ્વારા આ ચેનલ ઉપર દરેક પ્રશ્નોના સમાધાન માટે અલગ - અલગ મંત્ર પ્રશ્નોનાં સમાધાન માટે આપેલ છે, માટે આ ચેનલ અચૂક જોવી, સબસ્ક્રાઇબ કરી બેલ આઇકન (ઘંટડી) ઉપર કલીક કરવું.



મંત્રયુગપરિવર્તક ૐકાર મહામંડલેશ્વર ૧૦૦૮
પ.પૂ. સંતશ્રી સદગુરુ ૐઋષિ સ્વામી

**અમારા નવા વિડીયો મેળવવા માટે સબસ્ક્રાઈબ કરો.**

YouTube

સ્ટેપ- ૧ યૂ ટ્યૂબ ચેનલ પર કલીક કરો
સ્ટેપ- ૨ ટાઇપ કરો "SADGURU OMRUSHI"
સ્ટેપ- ૩ "SADGURU OMRUSHI" પર કલીક કરો
સ્ટેપ- ૪ SUBSCRIBE બટન કલીક કરો અને Bell ની નિશાનીને દબાવો.

સદ્‌ગુરુ ૐઋષિ દ્વારા રચિત રોજનો પવિત્ર શબ્દ નીચે આપેલ ચેનલ ઉપર આપ નિહાળી શકો છો.

# ૐકાર ફાઉન્ડેશન ટ્રસ્ટ

## દિવ્યાંગ બાળકો માટે ખુશીની જાદુઇ દુનિયા બનાવે છે

અમદાવાદ. દિવ્યાંગ બાળકોના જીવનમાં ખુશી, આત્મવિશ્વાસ અને સકારાત્મક ઉર્જાનો સંચાર કરવાના ઉદ્દેશ્યથી, ૐકાર ફાઉન્ડેશન ટ્રસ્ટે 5 જુલાઈના રોજ પાલડીના અન્નપૂર્ણા હોલ ખાતે એક ખાસ મેજિક શો અને જાગૃતિ કાર્યક્રમનું આયોજન કર્યું હતું. લગભગ 200 દિવ્યાંગ બાળકોએ તેમના માતાપિતા સાથે ઉત્સાહપૂર્વક આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો.

આ કાર્યક્રમની શરૂઆત પરંપરાગત દીવા પ્રગટાવવાના સમારોહથી થઈ હતી. દિવા પ્રગટાવવાના સમારોહ દ્વારા સેવા, સમર્પણ અને સકારાત્મક વિચારસરણીનો સંદેશ આપવામાં આવ્યો હતો. ત્યારબાદ, ટ્રસ્ટના પ્રતિનિધિઓએ માતા-પિતાને હયાતી ફોર્મ સંબંધિત મહત્વપૂર્ણ માહિતી પૂરી પાડી. નોંધણી પ્રક્રિયા, જરૂરી દસ્તાવેજો અને લાભો સરળ ભાષામાં સમજાવવામાં આવ્યા હતા, જેનાથી પરિવારો સરકારી યોજનાઓ અને સેવાઓનો સંપૂર્ણ લાભ મેળવી શક્યા.

આ કાર્યક્રમમાં નિરામય આરોગ્ય નીતિ વિશે જાગૃતિ પણ શામેલ હતી. માતાપિતાને આરોગ્ય સુરક્ષા, તબીબી સુવિધાઓ અને દિવ્યાંગો માટેની યોજનાના મહત્વપૂર્ણ પાસાઓ વિશે માહિતી આપવામાં આવી હતી. આ પહેલનો ઉદ્દેશ્ય ફક્ત પરિવારોને યોજનાઓ વિશે માહિતી આપવાનો જ નહીં, પરંતુ તેમને તેમના અધિકારો અને ઉપલબ્ધ સુવિધાઓથી પણ વાકેફ કરવાનો હતો. આ જાદુઈ શો કાર્યક્રમનો એક ખાસ અને આનંદદાયક ભાગ હતો. જાદુગરના રોમાંચક યુક્તિઓએ બાળકોને મંત્રમુગ્ધ કરી દીધા. દરેક જાદુઈ પ્રદર્શન સાથે, આખો હોલ બાળકોના તાળીઓ, હાસ્ય અને ઉત્સાહથી ગુંજી ઉઠ્યો. થોડા સમય માટે, બાળકો તેમની ચિંતાઓથી છટકી શક્યા અને જાદુની આ સુંદર દુનિયામાં ડૂબી ગયા. આ કાર્યક્રમે તેમનામાં આનંદ, આત્મવિશ્વાસ અને સકારાત્મક વિચારસરણીની નવી ઉર્જા જાગૃત કરી.




Organised
Date : 05/07/2026, Sunday


MAGIC SHOW
Date : 05/07/2026, Sunday


Omkar Foundation Trust (NGO)
for Intellectual Disabled
Organised
MAGIC SHOW
Date : 05/07/2026, Sunday











॥ ૐ નમ: ॥


Omkar Foundation Trust (NGO)
for Intellectual Disabled
Organised
MAGIC SHOW


Omkar Foundation Trust (NGO)
for Intellectual Disabled
Organised
MAGIC SHOW


Omkar Foundation Trust (NGO)
for Intellectual Disabled
Organised
MAGIC SHOW
: 05/07/2026, Sunday




Omkar Foundation Trust (NGO)
for Intellectual Disabled
Organised
MAGIC SHOW
Date : 05/07/2026, Sunday


Omkar Foundation Tru
for Intellectual Disabl
Organised
MAGIC SHO
Date : 05/07/2026, Sunday



# સદ્ગુરુ ૐઋષિ રચિત પવિત્ર શબ્દોથી
# આ મહિનાના રોજેરોજના કાર્યમાં સફળતાની ગુરૂચાવી

| તારીખ | વાર | પવિત્ર શબ્દ | તારીખ | વાર | પવિત્ર શબ્દ |
|---|---|---|---|---|---|
| ૨૧-૮-૨૦૨૬ | શુક્રવાર | ૐ ધનરક્ષા | ૦૬-૯-૨૦૨૬ | રવિવાર | ૐ રાજલક્ષ્મીદેવી |
| ૨૨-૮-૨૦૨૬ | શનિવાર | ૐ ગુરુતાલક્ષ્મી | ૦૭-૯-૨૦૨૬ | સોમવાર | ૐ ત્રિપુરાસુંદરીદેવી |
| ૨૩-૮-૨૦૨૬ | રવિવાર | ૐ શુક્રતાલક્ષ્મી | ૦૮-૯-૨૦૨૬ | મંગળવાર | ૐ બગલામુખીદેવી |
| ૨૪-૮-૨૦૨૬ | સોમવાર | ૐ શનિતાલક્ષ્મી | ૦૯-૯-૨૦૨૬ | બુધવાર | ૐ તારાદેવી |
| ૨૫-૮-૨૦૨૬ | મંગળવાર | ૐ ચંદ્રતાલક્ષ્મી | ૧૦-૯-૨૦૨૬ | ગુરુવાર | ૐ કમલાદેવી |
| ૨૬-૮-૨૦૨૬ | બુધવાર | ૐ બુધતાલક્ષ્મી | ૧૧-૯-૨૦૨૬ | શુક્રવાર | ૐ માતંગીદેવી |
| ૨૭-૮-૨૦૨૬ | ગુરુવાર | ૐ રાહુતાલક્ષ્મી | ૧૨-૯-૨૦૨૬ | શનિવાર | ૐ છિન્નમસ્તાદેવી |
| ૨૮-૮-૨૦૨૬ | શુક્રવાર | ૐ કેતુતાલક્ષ્મી | ૧૩-૯-૨૦૨૬ | રવિવાર | ૐ ધુમાવતીદેવી |
| ૨૯-૮-૨૦૨૬ | શનિવાર | ૐ મંગલિતાલક્ષ્મી | ૧૪-૯-૨૦૨૬ | સોમવાર | ૐ ભુવનેશ્વરીદેવી |
| ૩૦-૮-૨૦૨૬ | રવિવાર | ૐ સૂર્યવિદન્ત્યદેવ | ૧૫-૯-૨૦૨૬ | મંગળવાર | ૐ મહાકાલીદેવી |
| ૩૧-૮-૨૦૨૬ | સોમવાર | ૐ શ્રી ક્ષેત્રપાળવીર | ૧૬-૯-૨૦૨૬ | બુધવાર | ૐ ષોડશીદેવી |
| ૦૧-૯-૨૦૨૬ | મંગળવાર | ૐ સૂર્યતાલક્ષ્મી | ૧૭-૯-૨૦૨૬ | ગુરુવાર | ૐ કમલાદેવી |
| ૦૨-૯-૨૦૨૬ | બુધવાર | ૐ ધનકુબેરદેવ | ૧૮-૯-૨૦૨૬ | શુક્રવાર | ૐ લક્ષ્મીનારાયણ |
| ૦૩-૯-૨૦૨૬ | ગુરુવાર | ૐ શુભલક્ષ્મીદેવી | ૧૯-૯-૨૦૨૬ | શનિવાર | ૐ સિધ્ધિદાત્રીદેવી |
| ૦૪-૯-૨૦૨૬ | શુક્રવાર | ૐ ગજકાન્ત | ૨૦-૯-૨૦૨૬ | રવિવાર | ૐ ત્રાવી |
| ૦૫-૯-૨૦૨૬ | શનિવાર | ૐ મણિકાન્ત | | | |



|| ૐ નમઃ ||

# પ્રોફેશનલ વ્યક્તિઓ માટે, છૂટક વસ્તુના વેપારી માટે, ઉત્પાદક માટે, જથ્થાબંધ માલના વેપારી માટે, નોકરિયાત માટે અને વિદ્યાર્થી માટે

## પ્રોફેશનલ વ્યક્તિઓ માટે :

આ મહિના દરમિયાન વાદળીવસ્ત્રમાં ચોખાના ચાર દાણા અને ચપટી મીઠું મુકી તેની પોટલી બનાવી જ્યારે કામ માટે કે ઓફિસ જાઓ ત્યારે ખિસ્સામાં રાખીને જવું અને એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરીને જવું. આ પ્રક્રિયાથી આપના કાર્યમાં વિઘ્ન આવશે નહિ અને કાર્ય સફળ થશે.

## છૂટક વસ્તુના વેપારી માટે :

રીટેલરનો ધંધો કરતા વ્યક્તિઓએ આ મહિને લાલ વસ્ત્રમાં ઘઉંના ચાર દાણાઅને ચપટી મીઠું મુકી તેની પોટલી બનાવી દુકાનના કેશ કાઉન્ટરમાં મુકી રાખવું અને રોજ એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો. જેનાથી આપના ધંધામાં ચમત્કારિક ફાયદો થશે.

## ઉત્પાદક માટે :

ઉત્પાદનના કાર્ય સાથે સંકળાયેલ વ્યક્તિઓએ આ મહિને સફેદ વસ્ત્રમાં મગનાચાર દાણા અને ચપટી મીઠું મુકી તેની પોટલી બનાવી કેશ કાઉન્ટરમાં મુકી દેવી અને રોજ એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો. આ પોટલી બદલવાની નથી. આખો મહિનો એ જ જગ્યાએ રાખવાની છે. જેનાથી આપના ઉત્પાદનનાં કાર્યમાં સફળતા મળશે અને ધંધામાં ચમત્કારિક પ્રગતિ થશે.

## જથ્થાબંધ માલના વેપારી માટે :

હોલસેલના ધંધા સાથે સંકળાયેલા વ્યક્તિઓએ આ મહિના દરમ્યાન લીલા વસ્ત્રમાં કઠોળ વાલના ચાર દાણા અને ચપટી મીઠું મુકી તેની પોટલી બનાવી દુકાનના કેશ કાઉન્ટરમાં અથવા તો પોતાના ખિસ્સામાં રાખવી અને રોજ એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો. આમ આ પ્રક્રિયા નિયમિત કરવાથી આપના હોલસેલનાં ધંધામાં વધારો થશે.

## નોકરિયાત માટે :

નોકરી કરતા વ્યક્તિઓએ કેસરી વસ્ત્રમાં કઠોળ ચણાના ચાર દાણા અને ચપટી મીઠું મુકી તેની પોટલી બનાવી જ્યારે નોકરીએ જાઓ ત્યારે એ પોતાની ઓફિસ બેગમાં અથવા ઓફિસના ખાનામાં રાખવું અને રોજ એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો. મહિના સુધી આ જ પોટલી રાખવાની છે, રોજ નવી બનાવવાની નથી. આ પ્રક્રિયાથી નોકરીમાં આપના ઇચ્છિત કાર્યની સિદ્ધિ થશે.

## વિદ્યાર્થી માટે :

વિદ્યાર્થીઓએ ગુલાબી વસ્ત્રમાં ચોખાના ચાર દાણા અને ચપટી મીઠું મુકી તેની પોટલી બનાવી પોતાના ભણવાની બેગમાં અથવા તો દફ્તરમાં આ મહિના દરમ્યાન રાખી મુકવી અને રોજ એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો. જેનાથી આપનું ભણવામાં ધ્યાન કેન્દ્રિત થશે અને સફળતાની પ્રાપ્તિ થશે.

ઉપર આપેલ પ્રક્રિયા દરેક જણે ૩૦ દિવસ સુધી નિયમિત કરવી. ૩૦ દિવસ પછી નવા અંકમાં નવી પ્રક્રિયા આપવામાં આવશે. પછી એ નવી પ્રક્રિયા ચાલુ કરવી અને જૂની પ્રક્રિયા બંધ કરી દેવી. આ રીતે બાર મહિના સુધી અલગ-અલગ પ્રક્રિયા કરવાથી આપના કાર્યને વધુ ઝડપ મળશે તથા નામના, માન, કીર્તિ અને પ્રતિષ્ઠામાં વધારો થશે.

**✦ ખાસ નોંધ ✦**

જે પ્રક્રિયાથી આપને સફળતા મળે એ પ્રક્રિયા કાયમ ચાલુ રાખી શકાય અને જોડે નવી પ્રક્રિયા પણ કરી શકાય.

# જાહેર આમંત્રણ

**“દર્શન માત્ર સે મિટે કષ્ટ”**

**ૐકાર સંપ્રદાયના આર્ષદ્રષ્ટા અને સ્થાપક**

**જગતગુરુ મંત્રયુગપરિવર્તક ૐકાર મહામંડલેશ્વર ૧૦૦૮**

**પ.પૂ. સંતશ્રી સદ્ગુરુ ૐઋષિ સ્વામીના**

## સૂર્યની ઊર્જા અને ચંદ્રની શક્તિ સાથેના સમન્વયમાં

# સૂર્ય-ચંદ્ર પૂનમ મહાદર્શન

આજીવિક
**ધર્મ**
પુનઃ ઉત્થારક



ૐकार संप्रदाय
(धार्मिक आध्यात्मिक पथ)

**શુભ તારીખ**

30 ઓગષ્ટ, ૨૦૨૬
રવિવાર

**શુભ સ્થળ**

**અન્નપૂર્ણા હોલ,**
આંગી ફ્લેટની સામે, ન્યુ વિકાસ ગૃહ રોડ, પાલડી, અમદાવાદ

**શુભ સમય**

સવારે 10 થી
બપોરે 1 કલાક સુધી

**સંપર્ક સૂત્રઃ 9429208997**

E-mail ID : omkarsampraday@gmail.com
E-mail ID :info@sadguruomrushi.org
Website : www.sadguruomrushi.org

**RNI GUJGUJ/2015/65690**

Registered under Postal Registration No. AHD-C/64/2020-2022 valid up to 31st December-2022 issued by the SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 10th of every month' Date of Publication : 7th every month

Printed & Published by **KINJAL ASHOKKUMAR SHAH** on behalf of **'SEVA SAMARPAN FOUNDATION'** and Printed at Print Vision Pvt. Ltd., Print Vision House, Lane by jay Gujarat Fruit Center, Ambawadi Market, Ahmedabad - 380006 and published from 'Seva Samarpan Foundation', Gr. Floor, 001, Angi Flat, Opp. Annapurna Party Plot, New Vikas Gruh Road, Paldi, AHMEDABAD-380007. GUJARAT. Editor : **KINJAL ASHOKKUMAR SHAH**